**ડૉ. સુરેખા કે.પટેલ**
**જી.ડી.મોદી કૉલેજ ઑફ આર્ટ્સ,**
**સંસ્કૃત વિભાગ,**
**પાલનપુર - ૩૮૫ ૦૦૧**
**Mob. 94280 23071**

## મહાકવિ કાલિદાસ રચિત
## 'रघुवंशम्' મહાકાવ્ય (સર્ગ-૧૪)માં નારીચેતના : સીતાના સંદર્ભમાં

*'નારી' શબ્દ નરની જેમ 'नृ' ધાતુથી બન્યો છે. જેનો સામાન્ય અર્થ છે ક્રિયાશીલ, અર્થાત્ જે ગતિ કરે, હલન-ચલન કરે તે નર અને નારી છે. પરંતુ ઋગ્વેદમાં 'नृ'નો પ્રયોગ નેતૃત્વ કરવું, દાન આપવું અને વીરતા બતાવવાના અર્થમાં કરતાં નર અને નારીમાં આ ત્રણ વિશેષતાઓને સમાનરૂપે ધારણ કરનાર કહ્યાં છે. આ તાત્ત્વિક અભેદ હોવા છતાં પણ વ્યાવહારિકરૂપે ઉત્તરદાયિત્વ ધારણ કરવાને કારણે વેદ-પુરાણોમાં નારીના વ્યક્તિત્વ પ્રત્યે એક વિશેષ સન્માન અને શ્રદ્ધાભાવ રાખતાં એક સ્વતંત્ર ચેતન સત્તાના રૂપમાં અભિવ્યક્ત કરવામાં આવ્યું છે.*

*'સ્ત્રી' શબ્દની વ્યુત્પત્તિ અને તેના અર્થ બાબતે વિદ્વાનોમાં અનેક મંતવ્ય જોવા મળે છે. વામન શિવરામ આપ્ટે[૧] અનુસાર – 'સ્ત્રી' શબ્દની વ્યુત્પિત્ત –'*स्तायेते शुक्रशेणितेयस्याम्*', स्त्यै + ड्रप +ङीय् *તેમણે સ્ત્રીનો અર્થ - ૧. નારી, ઔરત, કોઈપણ પ્રાણીની માદા (ગજસ્ત્રી, હરિણ સ્ત્રી વગેરે). અમરકોષ[૨] મુજબ -સ્ત્રી, યોષિત, અબલા, યોષા, નારી, સીમન્તિની વધૂ, પ્રતીપદર્શિની, વામા, વનિતા, મહિમા વગેરે શબ્દો મળે છે. યાસ્ક[૩] મુજબ સ્ત્રીનો અર્થ 'લજાળુ', પતંજલિ[૪] અનુસાર 'શબ્દ, સ્પર્શ, રૂપ, રસ અને ગંધ આ બધાનો સમુચ્ચય જ સ્ત્રી છે.' તેમના મતે સ્ત્રીને એટલા માટે સ્ત્રી કહેવામાં આવે છે કે ગર્ભની સ્થિતિ તેની અંદર હોય છે.[૫]*

*સામાન્ય રીતે સંસ્કૃત અને હિન્દી સાહિત્યમાં 'મહિલા'ના પર્યાયવાચી શબ્દોમાં 'સ્ત્રી' કે 'નારી' શબ્દો જ વધુ પ્રચલિત છે. સ્ત્રીના અન્ય પર્યાયવાચી શબ્દોમાં નારી, મૈંના, ગ્ના, યોષા, વામા, અબલા, સુંદરી, પ્રમદા, લલના, માનિની, કામિની અને ગૃહિણીનો યત્ર-તત્ર ઉલ્લેખ જોવા મળે છે.*

૧. **નારી** : *નરના ધર્મવાળી કે નરથી સંબંધ હોવાને કારણે સ્ત્રીનું* **'નારી'** *એવું નામકરણ થયું.*

૨. **મૈંના** : *પુરુષ દ્વારા સન્માન આપવાને કારણે તે* **'મૈંના'** *કહેવાઈ.[૬]*

૩. **ગ્ના** : *નારી સાથે પુરુષ સંસર્ગ કરે છે, તેથી તે* **'ग्ना'** *કહેવાય છે.[૭]*

૪. **યોષા** : *નારી સ્વયંને પુરુષ સાથે જોડે છે, તેથી તે* **'યોષા'** *કહેવાય છે.[૮]*

૫. **વામા** : *સ્ત્રી સૌંદર્ય વેરે છે, તેથી તેને* **'વામા'** *કહી છે.[૯]*

૬. **અબળા** : સ્ત્રીમાં શારીરિક બળ કરતાં માનસિક બળ વધુ હોવાને લીધે તેને **'અબળા'** કહી છે. (न बला इति अबला ।)

૭. **સુંદરી** : જેને દેખતાં જ પુરુષનું હૃદય દ્રવિત થઈ ઉઠે તેને **'સુંદરી'** ની સંજ્ઞા અપાઈ છે.[૧૦]

૮. **પ્રમદા** : ઓછામાં ઓછા ભાવોથી પુરુષને ઉત્તેજિત કરવાની વિશેષતા ધરાવનારી સ્ત્રી **'પ્રમદા'** કહેવાય છે.[૧૧]

૯. **લલના** : જે સ્ત્રીમાં લાલસા, કામના, ઈચ્છા અધિક હોય તે **'લલના'** કહેવાય છે.[૧૨]

૧૦. **માનિની** : ઘડીકમાં રીસાઈ જનારી અને ઘડીકમાં મનાઈ જતી સ્ત્રીને **'માનિની'** કહેવાય છે.

૧૧. **કામિની** : કામ જાગૃત કરનાર સ્ત્રીને **'કામિની'** કહેવાય છે.

૧૨. **ગૃહિણી** : ગૃહસ્થી ચલાવનારી હોવાથી સ્ત્રીને **'ગૃહિણી'** પણ કહી છે.

સામાન્ય રીતે 'સ્ત્રી' વિના પુરુષની કોઈ સત્તા જ નથી. આ તત્ત્વને 'बृहदारण्यक' ઉપનિષદમાં ખૂબ જ સુંદર રીતે પ્રદર્શિત કર્યુ છે. – 'આરંભમાં પુરુષાકાર આત્મા જ હતી. તેણે સારી રીતે અવલોકન કરી આત્માથી ભિન્ન કોઈ બીજો વ્યક્ત પદાર્થ ન જોયો. ચોક્કસપણે તેણે એકલાએ રમણ ન કર્યું. તેને કારણે જ આજે પણ પુરુષ એકલો રમણ કરતો નથી. પુરુષે બીજા સાથીની ઈચ્છા કરી. તેણે આ આત્માને બે રૂપમાં પરિવર્તિત કર્યું. તે સમયે તે પતિ-પત્ની બન્યાં. (बृहदारण्यक उपनिषद : १/४१)

ડૉ. વાસુદેવશરણ અગ્રવાલના મતે –''સ્ત્રી અને પુરુષ બંને નદીના કિનારાની જેમ સંયુક્ત છે. બંનેની વચ્ચે જીવનધારા પ્રવાહિત થાય છે. વૈદિક સાહિત્યમાં સ્ત્રી અને પુરુષની ઉપમા 'પૃથ્વી' અને 'દ્યુલોક'ની આપી છે. જેમ છીપલીના બે પડની વચ્ચે મોતીની સ્થિતિ હોય છે, તે જ રીતે સ્ત્રી અને પુરુષની બંનેની વચ્ચે સંતતિ છે. ધાવા પૃથિવી એક જ સંસ્થાનના પરસ્પર પૂરક છે. જેમ આકાશચારી મેઘ વૃષ્ટિ દ્વારા પૃથ્વીને ગર્ભ ધારણ કરાવે છે, ત્યારે વૃક્ષ-વનસ્પતિઓનો જન્મ થાય છે, આવી સ્થિતિ પતિ-પત્નીની છે.''

**સૃષ્ટિના આરંભકાળ** માં અર્થાત્ **પ્રાગ્ઐતિહાસિક** કાળમાં વિવાહ પદ્ધતિ ન હતી. યૌન સંબંધોમાં માનવ પશુ જેવો હતો, છતાં પણ નારી પુરુષથી શ્રેષ્ઠ હતી.

**વૈદિકયુગ** માં નારી ગૃહસ્થાશ્રમમાં કેન્દ્રસ્થાને હતી. 'નારી સન્માન'ની ચર્ચા સર્વત્ર જોવા મળે છે. વેદોમાં કહ્યું છે –'गृहिणी गृहमुच्यते' અર્થાત્ 'ગૃહિણી એ જ ઘર છે.' ઋગ્વેદમાં 'जायेदस्तं' (માતા જ ઘર છે.) (ऋग्वेद :३/५३/४) આ શબ્દો દ્વારા પત્નીના 'ગૃહિણી'પદનું સુંદર વર્ણન છે. ધાર્મિક અને રાજનૈતિક કાર્યોમાં નારીને પુરુષની સમકક્ષ સ્થાન અને સન્માન મળ્યું હતું. શિક્ષણ પ્રાપ્ત કરવામાં પણ સમાન અધિકાર હતો. સ્ત્રીઓ, વેદ-શાસ્ત્રોમાં પારંગત હતી. વેદદષ્ટા પુરુષ ઋષિઓની જેમ જ નારી ઋષિકાઓ પણ વેદની ઋચાઓની રચના કરતી. ઘોષા, અપાલા, લોપામુદ્રા, રોમશા, શચી, ઈન્દ્રાણીની નામાવલિ (શૌનક રચિત-बृहद्देवता)માં ઉપલબ્ધ થાય છે, જેઓએ વિશિષ્ટ વેદમંત્રોના રહસ્યને જાણ્યું. દાર્શનિક ચિંતન તથા બ્રહ્મ-તત્ત્વના અનુશીલનમાં ઉપનિષદયુગની ગાર્ગી, મૈત્રેયી, સુલભા (शतपथ

ब्राह्मण :१४/६/७) આદિ 'બ્રહ્મવાદિની' નારીઓનું નામ આજે પણ લેવામાં આવે છે. કન્યાના લગ્ન યોગ્ય ઉંમરે જ (૧૭ કે ૧૮ પહેલાં નહિ) થતા. જીવનસાથીની પસંદગીમાં કન્યાને પૂરો અધિકાર હતો. વિધવા-વિવાહ ઉપર કોઈ જ પ્રતિબંધ ન હતો. 'यजुर्वेद' માં રાષ્ટ્રનિર્માણમાં નારીના યોગદાનની ઈચ્છા વ્યક્ત થઈ છે. (यजुर्वेद : २२/२२) વેદોમાં ઉષા, શ્રી, લક્ષ્મી તથા સરસ્વતી સંબંધિત મંત્રોમાં નારીના ઔદાર્ય, ગરિમા અને તેની ચારુ (સુંદર, મનોહર) સંસ્કૃતિનું વર્ણન જોવા મળે છે.

**ઉત્તર વૈદિક** કાળમાં સ્ત્રીઓનું સ્થાન થોડુંક નીચું આવ્યું. શિક્ષણ માટે કન્યાઓને ગુરુકુળોમાં ન મોકલાતી. ધાર્મિક કાર્ય માત્ર શિક્ષિત સ્ત્રીઓ જ કરતી. પુરુષો જ્યારે યુદ્ધમાં જતા ત્યારે સ્ત્રીએ ઘર-ગૃહસ્થી, વડીલોની સાર-સંભાળ, બાળકોની દેખભાળ, ખેતીકામ, કપડાં, સિલાઈ વગેરે કાર્ય કરતી. પતિની પસંદગી માટે સ્વતંત્રતા હતી. બાળ-લગ્નો થતા નહિ. બૌદ્ધિક્તામાં તે પુરુષોથી ઉતરતી ન હતી. છતાં પણ ધીરે ધીરે તેની સન્માનજનક સ્થિતિમાં બદલાવ આવ્યો. સહયોગીના મહાનપદથી દાસીના નિમ્નસ્તરે પહોંચી ગઈ. વૈદિકકાળ કરતાં ઉત્તર વૈદિક કાળમાં નારીનું સ્થાન ગૌણ બન્યું. બહુપત્નીત્વ પ્રથા, સતીપ્રથા વગેરે કુપ્રથાઓ પ્રતિષ્ઠિત થઈ.

**રામાયણ-મહાભારતમાં** નારીનું વર્ણન તપ-ત્યાગ-નમ્રતા પતિસેવા વગેરે ગુણોથી યુક્ત 'ગૃહસ્વામિની'ના રૂપમાં જોવા મળે છે. આ સમયમાં શિક્ષણનું પ્રમાણ નહિવત્ હતું. બહુપત્નીત્વપ્રથા પણ હતી. પરિણામે સ્ત્રીનું ધાર્મિક, સામાજિક સ્તર બહુ જ નીચે આવ્યું. આ સમયમાં નારીના મુખ્ય ગુણ પતિસેવા અને આજ્ઞાપાલન હતા. 'રામાયણ'માં રામે લોકવાયકા સાંભળીને સીતાનો ત્યાગ કર્યો. 'મહાભારત'માં યુધિષ્ઠિરે દ્રૌપદીને જુગારના દાવપેચ ઉપર લગાવી, આ બધું જોતાં કહી શકાય કે આ સમયમાં સ્ત્રી ઉપર પતિનો મનમાન્યો અધિકાર હશે. સ્ત્રીને પોતાની એક સંપત્તિના રૂપમાં જોતા હશે.છતાં સ્ત્રીઓને પૂજા-વગેરેમાં ભાગ લેતી પણ બતાવાઈ છે. સીતાને સંધ્યાપૂજા કરતી બતાવાઈ છે. દ્રૌપદીને 'પંડિતા' કહી છે.

ભારતીય સંસ્કૃતિની નિરંતર સુદીર્ઘ પરંપરામાં નારીની સ્થિતિ, પ્રતિષ્ઠા, શક્તિ, યોગ્યતા વગેરેમાં કાળક્રમે નિરંતર પરિવર્તનો થતાં રહ્યાં છે. એક સમયે ભારતના પારિવારીક, ધાર્મિક, સામાજિક વગેરે ક્ષેત્રે નારીની સન્માનીય પ્રતિષ્ઠા દષ્ટિગોચર થાય છે. શાસ્ત્રીય સંદર્ભોના અવલોકનથી પણ નારીનાં વર્ણનોનો દષ્ટિકોણ બે પ્રકારનો જોવા મળે છે. ક્યાંક નારીના વ્યક્તિત્વને મહિમા મંડિત, ગૌરવાન્વિત અને ઉદાત્ત વર્ણવ્યું છે, તો ક્યાંક સ્ત્રીના વ્યક્તિત્વને નિષેધાત્મકરૂપે ચિત્રિત કર્યું છે. મનુ અને સંત તુલસીદાસજીએ સ્ત્રીના સ્વાતંત્ર્ય ઉપર પ્રતિબંધ લગાવી તેના માટે અપમાનજનક શબ્દો પ્રયોજ્યા છે, તો બીજી તરફ સ્ત્રીનો મહિમા પણ ગાયો છે. આ વિરોધાભાસ આપણી સંસ્કૃતિની જ ઉપજ છે. જ્યાં નારીને દૈવીરૂપે શ્રદ્ધા, વિશ્વાસ, આદિશક્તિ, પૂજનીયા અને પ્રાતઃ સ્મરણીયા માનવામાં આવે છે. નારી પ્રત્યેના હિન્દુશાસ્ત્રોના વિચાર ખૂબ જ ઊંચા, મહત્ત્વપૂર્ણ અને પ્રગતિના ગૌરવને વધારનાર છે, તો બીજા સમયે બધે જ નિતાંત દુર્દશા પરિલક્ષિત થાય છે.

મહાકવિ કાલિદાસકૃત 'रघुवंशम्' મહાકાવ્ય પંચ-મહાકાવ્યોમાં માનભર્યું સ્થાન ધરાવે છે. કવિએ વાલ્મીકિ રામાયણનું ખ્યાત કથાવસ્તુ પસંદ કરી, તેમાં કેટલાક મૌલિક ફેરફારો કરીને ૧૯ સર્ગના આ મહાકાવ્યમાં સૂર્યથી ઉત્પન્ન થયેલ રઘુવંશના રાજાઓની જીવન-ઝરણીનું દર્શન કરાવ્યું છે. જગપ્રસિદ્ધ કથાવસ્તુ હોવાને લઈને અને

અભ્યાસ લેખના વિસ્તારના ભયે અહીં, માત્ર 'रघुवंशम्' સર્ગ-૧૪ (સીતાત્યાગ)ના 'સીતાસંદેશ' વિભાગમાં વ્યક્ત થતું સીતાનું તેજસ્વી, સ્વમાની અને સશક્ત નારીના વ્યક્તિત્વનું ચિત્ર ઉપસાવ્યું છે.

ભારતીય નારી જીવનના આદર્શરૂપ બનેલી, ઉત્તમ ચારિત્ર્યશીલ તથા પાવનકારિણી સીતાનું વ્યક્તિત્વ કાલિદાસની કલમે કમનીયરીતે કંડારાયું છે. 'रघुवंशम्' ના ચૌદમા સર્ગમાં સીતાના વ્યક્તિત્વનું અતિ ઉજ્જવળ પાસું ઉજાગર થાય છે.

- **કથાવસ્તુ :**

રામ-રાવણ યુદ્ધ પછી રાવણના વિનાશ બાદ સીતા તથા લક્ષ્મણ સાથે રામચંદ્ર (ભગવાન)નું પુષ્પક વિમાન મારફતે અયોધ્યામાં આગમન, માતા-પુત્ર મિલન, સાસુ-વહુ મિલન બાદ, થોડાક સમય પછી રામનો રાજ્યાભિષેક થાય છે. રાજા બન્યા પછી રામને ભદ્ર નામના જાસૂસ દ્વારા જનસમાજમાં પ્રવર્તતી સીતા અંગેની લોકવાયકાની જાણ થતાં રામનું આંદોલિત મન નિર્ણય કરી શકતું નથી કે અગ્નિપરીક્ષામાં વિશુદ્ધ સાબિત થયેલી સીતાનો ત્યાગ કરવો કે પછી લોકમતની ઉપેક્ષા કરવી ? ઘણા મનોમંથનને અંતે પતિધર્મ અને રાજધર્મની દ્વિવિધ ફરજમાંથી રાજધર્મને શ્રેષ્ઠ માનતા રામે આજ્ઞાકારી અનુજ, ભાઈ લક્ષ્મણને સીતાનું દોહદ પૂર્ણ કરવાના બહાને ગંગાતીરે છોડી આવવાની ફરજ પાડી. લક્ષ્મણ સીતાને લઈને રથમાં બેસી નદી કિનારે પહોંચ્યા. પછી નદીને પેલે પાર જવા હોડી મારફતે સીતાને નદી પાર કરાવ્યા બાદ, રાજા રામના ફરમાનનો અમલ કરતાં લક્ષ્મણે માંડ-માંડ રાજા-રામનો 'સીતા-ત્યાગ'નો નિર્ણય સીતાને જણાવ્યો. પ્રલયકાળના મેઘની અશ્મવૃષ્ટિ જેવો આદેશ સાંભળતાં જ સીતા બેભાન થઈ ગઈ. મહાપ્રયત્ને લક્ષ્મણ દ્વારા ભાનમાં આવ્યા બાદ, સીતાએ લક્ષ્મણ પ્રત્યે સહેજપણ કડવાશ રાખ્યા વિના તેને આશીર્વાદ આપે છે. અને પોતાના ઉદરમાં રહેલા બાળકના કલ્યાણને ચિંતવવા માટે સાસુઓને વિનંતી કરતો સંદેશ પાઠવે છે. ત્યારબાદ સીતા પોતાના પતિ રામને 'રાજારામ' તરીકે સંબોધીને સંદેશો પાઠવે છે, તેમાં તેનું એક સશક્ત અને ચૈતન્યશીલ નારીનું આત્મગૌરવ વ્યક્ત થાય છે.

સીતાએ રામને મોકલેલા સંદેશામાં સીતાનું 'આર્ય સન્નારી' અને 'સ્વમાની નારી' તરીકેનું ચિત્ર વ્યક્ત થાય છે. શરૂઆતમાં 'રાજા' કહીને તેમના વિશ્રુતકુળને અપીલ કરનાર સીતાનો આવેશ માનવસહજ છે. સામાન્ય માનવીની જેમ રાજા રામને ઠપકાભર્યા શબ્દો કહે છે. રામના પગલે ચાલનારી અને રામમાં શ્રધ્ધા રાખનારી સીતાને પોતાના અપરાધ વિના ત્યજી દેનાર રામ પર ગુસ્સો આવવો જોઈએ. છતાં, આ પવિત્ર આર્યનારી પતિનું ભૂંડું (ખરાબ) બોલ્યા વિના હંમેશને માટે દુઃખી એવી પોતાની જાતને ધિક્કારતાં માનસિક સમુતલા ગુમાવ્યા વિના રાજા રામને ઠપકો આપતો સંદેશો લક્ષ્મણને મોકલતાં કહે છે –

''રાવણના ભવનમાં તે રહેલી હોવા છતાં સત્ય શું છે, તે રામ સારી રીતે જાણે છે. મારી અગ્નિ પરીક્ષા કરીને મારી પવિત્રતાનું પારખું લીધું હોવા છતાં લોકવાયકા સાંભળીને મને ત્યજી દીધી. આ અસત્યને કારણે નિર્દોષ એવી મને શિક્ષા કરવી એ શું રાજા રામને માટે ન્યાયી છે ? શું આવું કાર્ય રાજા રામના જ્ઞાનને અને કુળને યોગ્ય છે ?''[૧૩] સીતા રામને દોષ આપતી નથી. પરંતુ 'રાજા' શબ્દ પ્રયોજે છે, તેમાં વ્યંગ્ય જોવા મળે છે. સીતાનો અહીં, રામને કહેવાનો આશય છે કે પતિ અધમ કુળનો હોય તો પવિત્ર પત્નીને લોકોના કહેવાથી ત્યજી દઈ શકે. પરંતુ, રામ તો

ઈક્ષ્વાકુ જેવા મહાન કુળના છે. આ મહાન કુળના કોઈ રાજાએ પત્નીનો ત્યાગ કર્યો છે ? અહીં, સીતાનો માનવીય ભાવ પ્રગટ થાય છે. તેનામાં રહેલી નારીચેતના ઉજાગર થાય છે.

સીતા, લક્ષ્મણ સાથે રાજા રામને હજુ આગળ સંદેશામાં ઠપકો આપતાં કહે છે –'રાક્ષસો જેમના પતિઓને ત્રાસ આપતા હતા, તેવી તપસ્વિનીઓનું હું પહેલાં વનમાં આશ્રયસ્થાન બની હતી અને હવે મારે બીજાનો આશ્રય શોધવાનો વખત આવ્યો છે, એમાંય વળી મારા પતિ તરીકે તમે (વિદ્યમાન) હયાત હો અને મારા માટે આવો વખત આવે, ત્યારે હું બીજા કોની પાસે જાઉં ?'[૧૪] 'તમારા વિયોગનું આ દુઃખ આવી પડતાં હું આ તુચ્છ જીવનનો ત્યાગ કરત, આત્મઘાત કરત, પણ મારા ગર્ભમાં રહેલ રામના સંતાનના રક્ષણને ખાતર જ તે પોતાનું જીવન ટકાવી રહી છે.'[૧૫] સીતા, પોતાના સંતાનને ખાતર રામે કરેલા ત્યાગને પણ સહન કરવા તત્પર છે.

સીતાના ઉદરમાં પતિની સંતતિ હતી, તેથી પોતાના જીવનનો અંત લાવવાનું વિચારતી નથી. આમ જોઈએ તો, જે સ્ત્રીનો પતિએ ત્યાગ કર્યો હોય, તે સ્ત્રીએ તપ કરીને શું મેળવવાનું હોય ? પણ, અહીં તો સીતા કહે છે –'હું તપ કરીશ, જેથી બીજા જન્મમાં પણ રામ જ પતિ તરીકે પ્રાપ્ત થાય અને તેમનો વિયોગ ન આવે તેવી ઈચ્છા રાખે છે.''[૧૬] એક પતિવ્રતાને દીપાવે તેવા સીતાના શબ્દો હૃદયસ્પર્શી છે. અહીં, ભારતની આર્યનારી તરીકે સીતાનું પાત્ર મૂર્ત થાય છે.

સીતા પોતાના સંદેશમાં 'રાજા' રામને પોતાના 'રાજધર્મ'ના પાલનાર્થે ઠપકો આપતાં કહે છે –'વર્ણાશ્રમધર્મનું પાલન કરવું એ મનુએ નક્કી કરેલો રાજાનો ધર્મ છે. તમે મને ત્યજી દીધી હોવા છતાં મારી સંભાળ રાખવી એ તમારો રાજા તરીકેનો ધર્મ છે. તમારા રાજ્યમાં અન્ય તપસ્વીની સ્ત્રીઓની જે રીતે તમે સાર-સંભાળ રાખો છો, તે જ રીતે તમારે મારી પણ એક તપસ્વી સ્ત્રીની (અન્ય નાગરિકની) જેમ સંભાળ રાખવી જોઈએ.'[૧૭]

અહીં, ધરતીપુત્રી સીતાના પાત્રમાં આર્યનારીને છાજે તેવા દરેક ગુણો છે. તેમાંય વળી તેના સહનશીલતાના ગુણની સાથે સાથે તે એક પત્ની અને એક નગરજન તરીકે રામને જે રીતે વ્યંગ્યપૂર્વકનો ઠપકો લક્ષ્મણ સાથે મોકલાવે છે, તેમાં સીતાના સ્વમાની અને ઉદાત્તરૂપનાં દર્શન થાય છે. ભારતના અમર સ્ત્રી રત્નોમાં યોગ્યસ્થાન ધરાવનાર સીતાનું અહીં પ્રભાવશાળી, ઉદાર, આત્મગૌરવપૂર્ણ વ્યક્તિત્વ નીખરી ઉઠે છે. આવા ગૌરવવંતા નારીત્વના તેજ સામે કોણ નતમસ્તક ન બને ? કાલિદાસે લલનાનાં રમણીય આકર્ષણો જ નિરૂપ્યાં નથી, પરંતુ સીતાનું સ્વમાની અને ઉદાત્તરૂપનું ચિત્રણ કર્યું છે. તેમાં નારીચેતના ઉજાગર થાય છે. સીતાના પાત્રમાં ભારતીય સશક્ત નારીનાં દર્શન પણ થાય છે.

નારી ચેતના અર્થાત્ સ્ત્રીજાગૃતિ, સ્ત્રી પોતે પોતાનું હિત-અહિત સમજી શકે. મારી દૃષ્ટિએ 'નારી ચેતના' એટલે માત્ર સાક્ષર, શિક્ષિત, જ્ઞાની જ નહિ, પણ સાથે -સાથે સ્ત્રી વિવેકસંપન્ન પણ હોય. જે આપણને સીતાના પાત્રમાં દૃષ્ટિગત થાય છે. 'સ્ત્રીચેતના' હૃદય અને બુદ્ધિ એમ બંનેના સાહચર્યનો આદર્શ લઈને ચાલનારી અહિંસક માતૃદૃષ્ટિ છે, જે લિંગ, વર્ગ, વર્ણ, ધર્મ અને સંપ્રદાયના ભેદભાવથી હંમેશાં વિરુદ્ધ હોય. નારીચેતના કે સ્ત્રી અસ્મિતા શબ્દોનો પ્રયોગ આજે નારી સ્વરૂપે થાય છે. પ્રાચીન યુગમાં નારી ચેતના કે સ્ત્રી-અસ્મિતા બાબતે લોકોને સમજ ન હતી તેવું

*નથી. આપણા ભારતીય સમાજમાં પરાપૂર્વથી નારીને સન્માન તો મળ્યું જ છે. પરંતુ, સ્ત્રીઓના અધિકારોની બાબત, એ આધુનિક યુગની દેન છે.*

*સૃષ્ટિના આરંભકાળથી શરૂ કરીને આજ પર્યંત સમાજમાં સ્ત્રીના સ્થાન અંગે જોઈએ તો નારીની શ્રેષ્ઠતા દરેક સમયે કયારેક દબાયેલી તો ક્યારેક વિસ્તરતી જોવા મળે છે. નારી પોતાના અધિકારો માટે સંઘર્ષ કરતી નજરે પડે છે.*

*'સ્ત્રી' વિશે કોઈક કવિએ કહ્યું છે –*

- 'तुं कोमल है कमजोर नहीं, शक्ति का नाम ही नारी है।
  जग को जीवन देनेवाली, मौत भी तुझसे हारी है ' ॥
- *'કોણ કહે છે, નારી અબળા છે ?*
  *'અબળા' કહેનારનાં મન નબળાં છે.'*
- *'નારી તું નારાયણી, નારી રત્નની ખાણ,*
  *નારીથી નર નીપજ્યા, ધ્રુવ-પ્રહલાદ સમાન.'*
- नारी ! तुम केवल श्रद्धा हो, विश्वास-रजत-नग-पग-तलमें।
  पीयूष-स्त्रोत सी बहा करो, जीवन के सुन्दर समतल में ॥
  
  – हिन्दी कवि –प्रसादजी
- नारी त्रैलोक्य जननी, नारी त्रैलोक्य रूपिणी।
  नारी त्रिभुवनकरा, नारी देहस्वरूपिणी ॥
  
  – शक्ति–संगमतंत्र

•••

- **પાદટીપ**

૧. वामन शिवराम आप्टे : संस्कृत-हिन्दी कोश : पृ.११३८

૨. स्त्रीयोषिदबला योषा नारी सीमन्तिनी वधूः।
प्रतीपदर्शिनी वामा वनिता महिला तथा ॥
अमरकोष : २/७/१०७७-१०७८

૩. स्त्रियः स्त्यायते : अपत्रपणकर्मण : -निरुक्त

૪. शब्दस्पर्शरूपरसगंधानां गुणानां स्तयानं स्त्री । पतंजलि महाभाष्य-पृ. ८९

૫. स्तायति अस्यां गर्भ इति 'स्त्री' । पतंज्जलि महाभाष्य - पृ.९८

૬. मानयन्ति एनाः पुरुषा : । निरुक्तः ३/२१/२

૭. ग्ना गच्छन्ति येना : । निरुक्तः ३/२१/२

૮. योषा योतैः मिश्रणार्थस्य, सा हि मित्रयति ।
आत्मानं पुरुषेण साकम् – निरुक्त :३/५१/१

૯. वयति सौन्दर्यम् । निरुक्तः३/५१/१

૧૦. सु +उन्द (धातु)(*ભીનું કરવું*) अर + डीय । सुष्ठु नन्दयति इति नैरुक्ताः । निरुक्तः ३/५१/१

૧૧. प्रमद् सम्मदौ हर्षे च । निरुक्तः ३/५१/२

૧૨. लल् इच्छायाम् । निरुक्तः ३/५१/३

૧૩. रघुवंशम् : १४/६१

૧૪. रघुवंशम् : १४/६४

૧૫. रघुवंशम् : १४/६५

૧૬. रघुवंशम् : १४/६६

૧૭. रघुवंशम् : १४/६७

●●●

✦ **सन्दर्भ ग्रन्था :**

| | | | |
|---|---|---|---|
| १. | कालिदास ग्रन्थावली (रघुवंशम्) | : | सम्पादक : सीताराम चतुर्वेदी<br>प्रकाशक : बद्रीप्रसाद शर्मा, भारत प्रकाशन मन्दिर, अलीगढ, संस्करण – तृतीय, वि.सं.२०१९ |
| २. | ऋग्वेद संहिता | : | सम्पादक : वेदमूर्ति तपोनिष्ठ पं. श्रीरामशर्मा आचार्य<br>प्रकाशक : ब्रह्मवर्चस्, शान्तिकुT, हरिद्वार, (उत्तरांचल)<br>आवृत्ति : तृतीय, १९९६ |
| ३. | यजुर्वेद संहिता | : | सम्पादक : वेदमूर्ति तपोनिष्ठ पं. श्रीरामशर्मा आचार्य<br>प्रकाशक : ब्रह्मवर्चस्, शान्तिकुञ्ज, हरिद्वार,<br>आवृत्ति : नवम् – २००४ |
| ४. | संस्कृत – हिन्दी कोश | : | वामन – शिवराम आप्टे<br>प्रकाशक :मोतीलाल बनारसीदास, दिल्ली<br>संस्करण : प्रथम,१९६६, द्वितीय –१९६९ |
| ५. | निरुक्तम् (निघण्टुपाठसमेतम्) | : | यास्कमहर्षि विरचितं<br>सम्पादक : पं. बदरीलाल तनूज पण्डित शिवदत्त शर्मकृत<br>प्रकाशक : खेमराज – श्रीकृष्णदास, मुम्बई, संवत –१९८२ |
| ६. | महाभाष्यम् | : | पतञ्जलि |
| ७. | शतपथ ब्राह्मण | : | (माध्यन्दिन शाखीयं)<br>सम्पादक : डॉ. बी.बी. चौबे<br>प्रकाशक: भारतीय विद्याप्रकाशन, वाराणसी,<br>आवृत्ति: प्रथम |
| ८. | एकादशोपनिषद (बृहदारण्यक उपनिषद) | : | सम्पादक : श्रीशVरानन्द<br>प्रकाशक : मोतीलाल बनारसीदास, दिल्ली,<br>संस्करण : षष्ठ–१९६६ |
| ९. | अमरकोष (संक्षिप्त माहेश्वर्या टीकया समेत) | : | संशोधक : नारायण राम आचार्य 'काव्यतीर्थ'<br>प्रकाशक : सी.पी.गौतम, भारतीय कला प्रकाशन, दिल्ली,<br>संस्करण : २००४ |

●●●